# The Second Epistle of John
# યોહાનનો બીજો પત્ર

## પ્રસ્તાવના

1 પસંદ કરેલી બહેનને તથા તેનાં બાળકોને લખનાર
વડીલ. 2 જે સત્ય આપણામાં રહે છે, તે સર્વકાળ ટકવાનું
છે તેને લીધે હું સત્યમાં તમારા પર પ્રેમ રાખું છું અને
એકલો હું નહિ, પણ જે સઘળા સત્યને જાણે છે તેઓ
પણ રાખે છે. 3 ઈશ્વરપિતાથી તથા તેમના પુત્ર ઈસુ
ખ્રિસ્તથી કૃપા, દયા તથા શાંતિ આપણી સાથે સત્ય
તથા પ્રેમમાં રહેશે.

## સત્ય અને પ્રેમ

4 જેમ આપણે પિતાથી આજ્ઞા પામ્યા, તેમ સત્યમાં
ચાલતાં તારાં કેટલાક બાળકોને મેં જોયાં છે, માટે હું
ઘણો ખુશ થાઉં છું. 5 હવે, બહેન, હું નવી આજ્ઞા લખું છું
એમ નહિ, પણ આરંભથી જે આજ્ઞા આપણને મળેલી છે
તે લખતાં તને અરજ કરું છું કે આપણે માંહોમાંહે પ્રેમ
રાખીએ. 6 આપણે તેની આજ્ઞાઓ પ્રમાણે ચાલીએ તે જ
પ્રેમ છે અને જેમ તમે આરંભથી સાંભળ્યું છે તેમ આજ્ઞા
તે જ છે કે તમે પ્રેમમાં ચાલો.

7 કારણ કે દુનિયામાં ઘણાં છેતરનારાં ઊભા થયા છે;
જેઓ ઈસુ ખ્રિસ્તનું મનુષ્યદેહમાં આવવું કબૂલ કરતા
નથી, તે જ છેતરનાર તથા ખ્રિસ્ત-વિરોધી છે. 8 તમે
પોતાના વિષે સાવચેત રહો, કે જેથી અમે જે કામ કર્યું છે
તેનો તમે નાશ ન કરો, પણ તેનું પૂર્ણ પ્રતિફળ પામો.

[9] જે કોઈ હદ બહાર જાય છે અને ખ્રિસ્તનાં શિક્ષણમાં
રહેતો નથી, તેની પાસે ઈશ્વર નથી; શિક્ષણમાં જે રહે
છે, તેને જ પિતા તથા પુત્ર પણ છે. [10] જો કોઈ તમારી
પાસે આવે અને તે જ શિક્ષણ ન લાવે, તો તેને ઘરમાં
પેસવા ન દો અને તેને ક્ષેમકુશળ ન કહો. [11] કેમ કે જે
તેને ક્ષેમકુશળ કહે છે તે તેનાં દુષ્ટકર્મોનો ભાગીદાર
થાય છે.

## અંતિમ વચનો

[12] મારે તમને લખવાનું તો ઘણું છે, તોપણ કાગળ
તથા શાહીથી લખવું એવી મારી ઇચ્છા નથી, પણ તમારો
આનંદ સંપૂર્ણ થાય માટે તમારી મુલાકાત લઈને રૂબરૂ
વાત કરવાની હું આશા રાખું છું. [13] તારી પસંદ કરેલી
બહેનનાં બાળકો તને ક્ષેમકુશળ કહે છે.

# ગુજરાતી બાઇબલ

The Indian Revised Version Holy Bible in the Gujarati language of India

copyright © 2017 Bridge Connectivity Solutions

Language: ગુજરાતી (Gujarati)

Status of the project:

Stage 1 - Initial Drafting by Mother Tongue Translators -- Completed
Stage 2 - Community Checking by Church -- Completed
Stage 3 - Local Consultant (Theologian/Linguist) Checking -- Completed
Stage 4 - Church Network Leaders Checking -- Completed
Stage 5 - Further Quality Checking -- In Progress

This translation is made available to you under the terms of the Creative Commons Attribution Share-Alike license 4.0.

You have permission to share and redistribute this Bible translation in any format and to make reasonable revisions and adaptations of this translation, provided that:

You include the above copyright and source information.

If you make any changes to the text, you must indicate that you did so in a way that makes it clear that the original licensor is not necessarily endorsing your changes.

If you redistribute this text, you must distribute your contributions under the same license as the original.

Pictures included with Scriptures and other documents on this site are licensed just for use with those Scriptures and documents. For other uses, please contact the respective copyright owners.

Note that in addition to the rules above, revising and adapting God's Word involves a great responsibility to be true to God's Word. See Revelation 22:18-19.

2020-02-11

---

PDF generated using Haiola and XeLaTeX on 30 Jan 2022 from source files dated 30 Nov 2021

c8afbe48-7b43-548f-9a72-4eab4644210b